ગાંધીનગર સમાચાર

આજે રાંધેજા ખાતે ડો. આંબેડકરના ફોટોગ્રાફસ અને ફિલ્મનું સ્ક્રિનીંગ

# સિવિલ હોસ્પિટલમાં દર્દી સેવામાં ગંભીર બેદરકારી

## દર્દીઓની સારવારથી ગંદી થયેલી ચાદરો દિવસો સુધી બદલવામાં આવતી નથી : એક રોગની સારવાર કરવા ગયેલ દર્દી અન્ય રોગનો શિકાર બને તેવી પરિસ્થિતિથી રોષની લાગણી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને આપવામાં આવતી સેવામાં બેદરકારી એટલી હવે વધી રહી છે કે જેના કારણે દર્દીઓ જે દર્દની સારવાર લેવા આવ્યા હોય તેની સાથે બીજા વધુ રોગોના ભોગ બને તેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીઓને સુવડાવવામાં આવતા પલંગો પરથી ચાદરો તથા ઓશિકાની ખોળો વગેરેને બદલવામાં કરાતી અક્ષમ્ય આળસે દર્દીઓ ઉપરાંત તેમના સગાવ્હાલાઓ માટે ગંભીર ખતરો ઉભો કર્યો છે.

દર્દીઓને આરામ કરવા અપાયેલા પલંગો પરથી ચાદરો તથા ઓશિકાની ખોળો અને તેમને ઓઢવા માટેના ચોળસા વગેરેની નિયમિત સાફસફાઈ માટે બદલતા રહેવું જરુરી હોય છે પરંતુ આ બાબતે જવાબદાર સ્ટાફ દ્વારા તદન દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું હોવાથી દર્દીને સારવાર દરમિયાન થયેલા ઘાવ-ઝખમોમાંથી ઝરતા લોહી, પરું અને ચેપયુક્ત ગંદકી યથાવત રહે છે. આ કારણે તેમાં રહેલા રોગજન્ય



જીવાણુઓ દ્વારા અન્ય દર્દીઓને તેમજ મુલાકાતીઓને પણ રોગ થવાની શક્યતાઓ રહેલી છે. એટલું જ નહીં પરંતુ દર્દીની સારવાર માટે ખડેપગે તૈનાત ડૉકટર્સ તથા નર્સીસને પણ આ ચેપના ભોગ બોગ બનવાની ભીતી સેવાઈ રહી છે. હોસ્પિટલમાં ગંદકીની સાફસફાઈમાં દાખવવામાં આવતી આવી ગંભીર બેદરકારીના કારણે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે.

સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં તો અનેકવાર અગ્રણી નગરજનો દ્વારા ગંદકીયુક્ત ચાદરો વગેરે જોઈને સ્ટાફ સાથે જીભાજોડીના બનાવો સર્જાવા પામ્યા છે. આમ છતાં હજુ પણ દર્દીઓને આ પ્રકારની ગંદી ચાદરો પર જ સારવાર આપવામાં આવી રહી હોવાથી દર્દીઓ, તેમના સગાઓ તથા અન્ય મુલાકાતીઓમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. જો કે તમામના ભારોભાર અસંતોષ સામે પણ સેવાકર્મીઓની નિભંરતાને કારણે વારંવાર ચડસાચડસી અને ઉગ્ર બોલાચાલીના બનાવો બની રહ્યા છે. આમ છતાં સિવિલ હોસ્પિટલના સત્તાધીશો કયા કારણે આ કર્મચારીઓ પ્રત્યે આંખ આડા કાન ધરી રહ્યા છે તે તમામની સમજ બહાર છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે આયોજિત ભગવત કૃપા પર્વ અંતર્ગત સવારે ૮.૦૦ કલાકે મંદિરમાં ઠાકોરજીને કેક સમર્પણ અને રજતતુલા સમુહમાં મહાનિરાજન તેમજ રાત્રે ૮.૩૦ કલાકે પારાયણ પૂર્ણાહુતિનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા રવિવારે સવારે ૯.૦૦ કલાકે સે-૨૩, કડી સ્કુલ, બ્રહ્માણી હોલ ખાતે સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● આંજણા (ચૌધરી) સેવા મંડળ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે પરંપરા પાર્ટી પ્લોટ, ગાંધીનગર-રાંધેજા રોડ ખાતે આંજણા સમાજનો સ્નેહમિલન થતા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે.

● સર્વ જીવ કલ્યાણ હેતુસર કાર્ય કરતી જીવ કલ્યાણ સંસ્થા દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨ પંચેદવ મંદિર ખાતે સંસ્થાની માસિક સભા યોજાશે. આ સભા સંસ્થાના પ્રમુખ કે.બી. વ્યાસના અધ્યક્ષ સ્થાને પંચદેવ મંદિરના યજ્ઞાખંડમાં મળશે. સભામાં સંસ્થાના સભ્યને તેમજ રસ ધરાવતા નગરજનોને હાજર રહેવા અનુરોધ છે.

**- નજાહખાનમ સૈયદ**

## જે.બી. પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં દબદબાભેર ધામધૂમ સાથે નાતાલ પર્વની ઉજવણી કરાઈ હતી. શાળામાં યોજાયેલા નાતાલ પર્વ નિમિત્તે ધો-૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે પોયમ સીંગીગ સ્પર્ધા અને ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સ્ટોરી ટેલીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ સુંદર પોયમ અને સ્ટોરી રજુ કરી હતી. વિદ્યાર્થીઓએ ક્રિસમસ ગીત ઉપર ડાન્સ પણ રજૂ કર્યા હતા તેમજ સાન્તકલોઝની વેશભૂષા સાથે તમામ વર્ગના બાળકોને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષકોના સહિયારા પ્રયાસથી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓએ કર્યું હતું. આ કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા નીવાબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને નાતાલ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.



## સિવિલ હોસ્પિટલમાંથી વહીવટી અધિકારીનું એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૨૬

જુના સચિવાલયમાં ફરજ બજાવતા મહિલા વહીવટી અધિકારી આજે સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સંબંધીની તબિયત જોવા આવ્યા હતા ત્યારે પાર્કીંગમાં મુકેલા તેમના એકટીવાની ચોરી કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયું હતું. એકટીવામાં વાહનના કાગળો અને એટીએમ કાર્ડ ઉપરાંત રૂ. ૨ હજાર રોકડા પણ પડયા હતા. મહિલા અધિકારીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

**એકટીવાની ડેકીમાં રૂ. ૨ હજાર રોકડા અને એટીએમ કાર્ડ તથા વાહનના કાગળો પણ પડયા હતા**

શહેરનાં સેકટર-૩૦ સર્વોદયનગર ખાતે રહેતા અને જુના સચિવાલય બ્લોક નં. ૫માં સ્થિત કમિશનર ઓફ હેલ્થ ડિપાર્ટમેન્ટમાં વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવતા મંજુલાબેન સુરેશભાઈ પટેલ આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવ્યા હતા. પોતાનું એકટીવા નં. જીજે ૧૮ એલ. ૫૭૫૧ તેમણે હોસ્પિટલના પાર્કીંગ પાસે પાર્ક કર્યું અને હોસ્પિટલમાં જઈને પરત આવ્યા ત્યાં સુધીમાં તેમનું એકટીવા ગાયબ થઈ ગયું હતું. કોઈ વાહનચોર શખ્સ એકટીવાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. એકટીવામાં રૂ. ૨ હજાર રોકડા, એટીએમ કાર્ડ, ઉપરાંત વાહનના જરૂરી દસ્તાવેજો પણ હતા. ચોરી અંગે મંજુલાબેન પટેલે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં કોલ્ડવેવના કારણે મોડી સાંજે સડકો સુમસામ બની જાય છે. જો કે આટલી ઠંડીની મૌસમમાં પણ નગરના માર્ગો પર રાખવામાં આવેલી ડસ્ટબીનોમાંથી મનપાના સફાઈ કર્મચારીઓ કચરાના નિકાલનું કાર્ય નિયમિત કરીને પ્રસંશાપાત્ર બની રહ્યા છે.

● સે-૨૧ના શાક માર્કેટ પાછળના બજારમાં એક બિલાડી તેના ત્રણ બચ્ચાંને વારાફરતી મોંમા લઈને અમુક અંતરે મુકી સ્થાનફેર કરાવી રહી હતી. બિલાડી એક બચ્ચાને મૂકી બીજાને લેવા જાય ત્યારે આ બચ્ચાને કૂતરા વગેરેથી બચાવવાની જવાબદારી ત્યાં ઉભા રહેતા ફળની લારીઓ વાળા શ્રમજીવીઓએ ધંધાના જોખમે ઉપાડી અનોખી જીવદયા દાખવી હતી.

● નવા સચિવાલય આગળથી પસાર થઈ રહેલા એક બાઈક ચાલકે બાઈક પર સાથે આવેલા પોતાના પુત્રને ભૂખ લાગતા બિસ્કીટ ખાવા આપ્યા હતા. બાળકે બધા બિસ્કીટ ખાઈ લેતા બાઈક ચાલકે બાઈક થોભાવી રેપર ડસ્ટબીનમાં નાંખતા ત્યાંથી પસાર થતા વાહનચાલકોએ તેને પ્રશંસાભરી નજરે વધાવ્યો હતો.

● ગાંધીનગરના કેટલાક યુવાનો તાજેતરમાં ઉત્તરાંચલ ખાતે હિમાલયના પ્રવાસે ગયા હતા જયાં સે-૨૪ના મા-બાપના એકના એક પુત્ર એવા પ્રતિક પટેલને વધુ પડતી ઠંડી લાગી જવાથી તેનું કરૂણ મોત નીપજયું હતું. તાજેતરમાં જ પ્રાધ્યાપકની નોકરીએ લાગેલા અને સગપણ કરાયેલા અપરિણિત આશાસ્પદ યુવાનના અણધાર્યા અવસાનથી સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

## આજે કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની ચારેય રાજપૂત સંસ્થાઓ દ્વારા ગુજરાતભરના રાજપૂત સંગઠનોનું તા. ૨૭મી ડીસેમ્બરને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ, સેકટર-૧૭ ખાતે સમાજનો તૃતીય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજપૂત સમાજના પ્રશ્નો, રાજપૂત મહિલાઓનો વિકાસ, રિવાજોમાં આમુલ પરિવર્તન, શિક્ષણ અને રોજગારી, સમાજના સર્વાંગી વિકાસ દ્વારા રાજય અને દેશના વિકાસ માટેની મહત્વની ચર્ચાઓ કરવામાં આવશે. જે દરમિયાન ગુજરાતભરમાંથી તમામ રાજપૂત સંસ્થાઓના આશરે ૨૦૦ જેટલા પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેમ સમાજના કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## એઍફઍસ દ્વારા આજે ઍમ બી પટેલ સ્કૂલ ખાતે શૈક્ષણિક મેળો

ગાંધીનગર, તા. ૨૬

૧૦૦ વર્ષ જૂની નૉન પ્રૉફિટેબલ સંસ્થા એઍફઍસ દ્વારા રવિવાર, તા. ૨૭ના રોજ શૈક્ષણિક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં એઍફઍસના માધ્યમથી છેલ્લાં ૮ વર્ષથી વિદેશના વિદ્યાર્થીઓ અભ્યાસ તથા સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે આવે છે અને આપણા વિદ્યાર્થીઓ પણ વિશ્વના ખૂણે-ખૂણે જતા થયા છે.

આ જ સંસ્થા દ્વારા રવિવારે ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળા, સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે સવારે ૯થી સાંજે પાંચ કલાક સુધી શૈક્ષણિક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળા અંતર્ગત એઍફઍસ કલ્ચરલ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમોની માહિતી આપવામાં આવશે. ધોરણ-૮થી ૧૧ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આ સોનેરી તક છે, જેનો લાભ લેવા માટે સંસ્થા તરફથી સૌ વિદ્યાર્થીઓ, વાલીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### જુસિકા દ્વારા ચક્ષુદાન મેળવાયું

જુનિયર સીટીઝન કાઉન્સીલે નગરમાંથી વધુ એક ચક્ષુદાન મેળવ્યું છે. શહેરના સેકટર-૨૩ સ્થિત પંચવટી પાર્કના પ્લોટ નં. ૬૭૨/૨ ના રહેવાસી સંતોકબેન ઠકકરનું ગત તા. ૨૫મી ડિસેમ્બરના રોજ ઉ.વ. ૯૦ એ દુઃખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થન ચક્ષુઓનું દાન તેઓના કુટુંબીજન પ્રકાશભાઈ ઠકકરની સંમતિથી લેવામાં આવ્યું હતું. સદર કાર્યમાં તબીબી ક્ષેત્રે ડૉ. નિશાંત, ડૉ. મિત તેમજ જુસીકાના કાર્યકર વાઘેલાભાઈએ સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય મહેતાભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં સેકટર-૬-બી અને સેકટર-૧૩-સીના વસાહતીઓ દ્વારા કૂતરા માટે લાડુ બનાવવાનું પુણ્યકાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

## શહેર આંજણા સમાજનું સ્નેહમિલન આજે સવારે

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજના પરિવારજનોનો સ્નેહ મિલન સમારોહ તા. ૨૭ ને રવિવારના રોજ યોજવામાં આવ્યો છે.

શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગરના પ્રમુખ કાન્તિભાઈ આર ચૌધરી અને મહામંત્રી વિષ્ણુભાઈ એન ચૌધરીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે રવિવારે સવારે ૯ કલાકે પરંપરા પાર્ટી પ્લૉટ, રાંધેજા રોડ ખાતે આયોજિત આ સમારંભના અધ્યક્ષ તરીકે શહેરી ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ એલ ચૌધરી, અતિથિ વિશેષ તરીકે થરાદના ધારાસભ્ય પરબતભાઈ એસ પટેલ, ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ કે પટેલ, માણસાના ધારાસભ્ય અમિતભાઈ એચ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ મણિભાઈ કે ચૌધરી અને આમંત્રિત મહેમાન તરીકે એસ વી આટ્ર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ જગદીશભાઈ એસ ચૌધરી ઉપસ્થિત રહેશે. સ્નેહ મિલન સમારોહ અતંર્ગત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ, વર્ગ-૧ના અધિકારીઓ, ડૉક્ટર્સ તથા ખાસ ઍવૉર્ડ વિજેતાઓને સન્માન અર્પણ કરવામાં આવશે. ગાંધીનગરમાં વસતા સૌ સમાજજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મંડળ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે રાંધેજા ખાતે ડૉ. આંબેડકરના ફોટોગ્રાફસ અને ફિલ્મનું સ્ક્રિનીંગ

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે 'ડૉ. બાબાસાહેબ મિશન, ગુજરાત દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકરના દુર્લભ ફોટોગ્રાફસ તથા અમૂલ્ય વૈચારિક સૂત્રોનું પ્રદર્શન તેમજ ફિલ્મ સ્ક્રિનીંગનું આયોજન તા. ૨૭ ને રવિવારે રાંધેજા ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ડૉ. આંબેડકરના જીવન આધારિત ફિલ્મ ઉપરાંત 'તીસરી આઝાદી' અને 'શૂદ્ર' ફિલ્મ રાત્રે ૯ કલાકે પ્રદર્શિત કરવામાં આવશે.

સવારે ૧૦ કલાકે આયોજિત આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગર જિલ્લા પંચાયતનાં સભ્ય સુશીલાબેન વાઘેલા, મુખ્ય મહેમાન તરીકે એબીપીઍમના ચૅરમૅન રસિકભાઈ મણિલાલ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે પડકાર ન્યૂઝના તંત્રી વાસુદેવ શ્રીમાળી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો લાભ લેવા સૌ આંબેડકપ્રેમીઓને મિશન દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જે સ્વપ્ન લોન પર લીધા હતા, તેના હપ્તા ભરું છું ટૂંકા પગારમાં

## રસ્તા પર ખુલવાનો જો ના હક હોય બારીને, એવા મકાનમાં જવું જરા સમજી વિચારીને કડકડતી ઠંડીમાં યોજાયેલા ગુજરાતી કવિતાના મુશાયરાએ શ્રોતાઓને 'જલસો' પાડી દીધો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સે-૨૯માં જાણીતા બિલ્ડર અને સાહિત્યરસિક જગત કારાણીના નિવાસસ્થાને તા. ૨૪મી ડિસેમ્બરે રાત્રે ઠંડીની મૌસમમાં ગુજરાતી કવિતાના પ્રતિભાશાળી યુવા કવિઓનો મુશાયરો યોજાયો હતો. ખાસ નિમંત્રિત કવિતા રસિકોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ મુશાયરામાં અમદાવાદના કવિઓ ભાવિન ગોપાણી, તેજસ દવે, દિલીપ શ્રીમાળી તથા અંકુર શ્રીમાળીએ પુલક ત્રિવેદીના સુંદર સંચાલન સાથે એક કરતા એક ચઢિયાતી કૃતિઓ રજુ કરી શ્રોતાઓને કડકડતી ઠંડીમાં પણ ખરા અર્થમાં જલસો કરાવી દીધો હતો. આ ઉપરાંત સંજય થોરાત, ડૉ. રાકેશભાઈ, ડૉ. જયેશ શાહ, ડૉ. કનૈયાલાલ શાહ વગેરેએ પણ રંગ જમાવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે જ ભાવિન ગોપાણીએ 'અજાણી છોકરી પુછી ગઈ સરનામુ આવીને, પછી શું? છોકરો ભૂલો પડયો રસ્તો બતાવીને' જેવો મસ્તીખોર શેર પ્રસ્તુત કરી મહેફીલનો મુડ બનાવી દીધો હતો. પછી તો 'સિગારેટને આ રીતથી ના ફેંક ભાઈ રસ્તામાં, આ દેશમાં ઘણા ચપ્પલ તળીયેથી કાણા હોય છે' અને 'કાઢવા એને પછી પહોંચી જવાયું કોર્ટમાં, એક વીંટી કેટલી હદે આંગળીમાં ફસાઈ હશે?' જેવી એક પછી એક ધારદાર રજૂઆતો સાથે 'સૌ સફરની વેદના પ્રાચીન છે' ગઝલ પણ પ્રસ્તુત કરતા શ્રોતાઓ રસ તરબોળ થઈ ગયા હતા. આ સાથે તેમણે 'વાદળો ગરજે ઉભા રહેવું પડે' અને 'સાક્ષીએ હું અને હું જ છું તપાસમાં' ગઝલો દ્વારા શ્રોતાઓની વાહવાહી મેળવી હતી. ભાવિન ગોપાણી બાદ દિલીપ શ્રીમાળીએ પણ 'ઈશ્વર થવાનું આવડે તો થાય બધા અને થઈ ગયેલા ઈશ્વરો કયાં જાય બધા?' અને 'ઊંઘ જેવી આવી, સપનાએ તક ઝડપી લીધી, સ્વપ્નને પણ દેખવા ચશ્માએ તક ઝડપી લીધી' જેવી માર્મિક ગઝલો રજુ કરી માહોલ વધુ જમાવ્યો હતો. આ સાથે તેમણે 'મારા ઘરમાં એક પણ બારી નથી, તોયે ઘરમાં કાંઈ મગજમારી નથી' અને 'કહો પંખીને કે માળો ના કરે, વૃક્ષની તબિયત હવે સારી નથી'



જેવી ધારદાર પંકિતઓ અને 'તું કહે તો આંસુની કટ્ટી કરી દઉં' તેમજ 'આમ જવું, તેમ જવું, રોજના હત્તર હલાળા, આ પૈસાની થયેલી શોધના હત્તર હલાળા' જેવી આગવી સ્ટાઈલની ગઝલોથી રસિકજનોની ભરપૂર દાદ મેળવી હતી.

યુવા કવિ અંકુર શ્રીમાળી પણ તેમની સોશિયલ મિડીયા પર ખુબ વાઈરલ થયેલ પંક્તિઓ 'એક પંખી ઉપાડીને સળી રોજ કરે છે માળો, ને એક માણસ કરીને સળી રોજ પીંખે છે માળો' જેવી હૃદયસ્પર્શી રજૂઆતથી પ્રારંભ કરી એક પછી એક માર્મિક રચનાઓ રજૂ કરી હતી. 'વાદળોની વચ્ચે મેં સૂરજ માટે બારી રાખી છે, મારા મનને મારી ઈચ્છાઓ ઘણી દબાવી રાખી છે', 'માઠી તારી દશા ખુદ વિધાતાએ મારી લખી રાખી છે, છતાં મારી ખાતર મેં ખુદ જાત મારી નાખી છે' વગેરેએ ઘણી દાદ મેળવી હતી. તેજસ દવેએ તેમના ગીતો પ્રસ્તુત કર્યા હતા જેમાં 'શ્વાસની આ ભરતી અને ઓટ અહીં ઉમટે', 'તમે સૂરજમાં બાકોરું પાડીને રણ વચ્ચે અમને કીધું કે અમને હરાવજો', 'એક ડુસ્કુ નાનું છાનું રડી રહ્યું છે ગાલે' વગેરેએ સમગ્ર મુશાયરામાં ઉપસ્થિત શ્રોતાઓની ઠંડી ઉડાડી દીધી હતી. આ પછી ડૉ. રાકેશભાઈ, ડૉ. કનૈયાલાલ શાહ, ડૉ. જયેશ શાહ વગેરેએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. સંજય થોરાતે 'ક્ષણિક ચમકતું ઝાકળ છું, મોતીથી કંઈ કમ નથી, તસવીર લઈ લો જલદીથી, હું અહીં હરદમ નથી' જેવા શેરો ઉપરાંત 'હું કયાં કહું છું રૂપાળી મળવી જોઈએ, ફકત બસ એક સારી મળવી જોઈએ' અને 'જાત સાથે બાંધછોડ કરી સંબંધ ટકાવી રાખુ છું, લાગણી જેવા ભાઈબંધો મારા નોંધ ડાયરીમાં રાખુ છું' વગેરે રચનાઓ ઉપરાંત તેમની પ્રસિધ્ધ રચના 'ફેસબુક' રજૂ કરતા શ્રોતાઓ આફરિન પોકારી ગયા હતા.

મહેફિલના બીજા દોરમાં પણ તેજસ દવે, ભાવિન ગોપાણી, દિલીપ શ્રીમાળી અને અંકુર શ્રીમાળી છવાઈ ગયા હતા. તેજસ દવેનું ગીત 'એણે હોઠ પર વાખ્યા છે મૌનના કમાડ', ભાવિન ગોપાણીની ગઝલ 'ખુલે છે એક બારી અને ઝુકે ડાળખીનું મન' 'સારું થયું કે દર્દની પણ હાજરી મળી, આ જીંદગી જીવી રહ્યાની બાતમી મળી', દિલીપ શ્રીમાળીએ 'જીવવું અને મરવું ટુંકા પગારમાં' જયારે અંકુર શ્રીમાળીએ 'બે નળીઓ બ્લોક થઈ અને બાને આવ્યો એટેક' દ્વરા સમગ્ર કાર્યક્રમને ચરમસીમાએ પહોંચાડી દીધો હતો. કાર્યક્રમના અંતમાં લિજ્જતદાર વૈભવી ગુજરાતી થાળી બાદ મધમીઠા આઈસક્રીમ જેવી ડૉ. હિતેષ પટેલની હળવી વાતોએ શ્રોતાઓને પેટ પકડી હસાવ્યા હતા. કાર્યક્રમમાં શ્રોતાઓ માટે યજમાન જગતભાઈ કારાણી દ્વારા નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## રાજય ટે-કવોન ડૉ સ્પર્ધામાં હોલી ચાઈલ્ડ સ્કુલને ૫ મેડલ્સ

ગાંધીનગર, તા.૨૬

અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલ ગુજરાત રાજય ટે-કવોન ડૉ સ્પર્ધામાં હોલી ચાઈલ્ડ સ્કુલ કલોલના પાંચ વિદ્યાર્થીઓ પ્રકાશ શાહ (ગોલ્ડ મેડલ), યશ રાઠોડ (સિલ્વર મેડલ), કેશવ શુકલા (સિલ્વર મેડલ), રીશી



પંચાલ (સિલ્વર મેડલ) અને અમિત વર્મા (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કરી શાળા તથા ગાંધીનગરનું નામ રોશન કરેલ છે. શાળાના વિદ્યાર્થીઓને તાલીમ કોચ જતીન દવેએ પુરી પાડેલ તથા ટીમનું નેતૃત્વ અજય જાડેજા અને રોનક કંસારાએ સંભાળેલ હતું. વિજેતા ખેલાડીઓને શાળાના ટ્રસ્ટી હરિશભાઈ પટેલ, આચાર્ય હેતલબેન અને સંગીતાબેને અભિનંદન પાઠવ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. જસવંતલાલ મણીલાલ ભાવસાર, ઉ.વ. ૬૭
- સ્વ. પ્રતિક સુનિલકુમાર પટેલ, ઉ.વ. ૨૪
- સ્વ. ભાટી બળદેવજી છગનજી, ઉ.વ. ૭૦